

**ભોળી શ્રદ્ધા**

બિહારમાં માલીદાસ નામે એક ભરવાડનો છોકરો રહેતો હતો. તે રોજ સાંજે ગાયો ચરાવવા જતો હતો. તે સાવ અભણ હતો.

તેણે ભગવાન વિશે ઘણું સાંભળ્યું હતું, અને એને ભગવાન પર પ્રેમ ઘણો હતો, પણ ભગવાનની પૂજા કેવી રીતે કરવી એ તે જાણતો ન હતો.

એક દિવસ નદીકિનારે માલીદાસ ગાયો ચરાવતો હતો ત્યારે એક બ્રાહ્મણ નદીમાં સ્નાન કરવા આવ્યો. સ્નાન કર્યા પછી તેણે પ્રાણાયામ વગેરે કરીને પૂજા કરી. આ બધું પેલો બાળક ખૂબ કુતૂહલથી અને રસથી જોયા કરતો હતો. જેવી પૂજા પૂરી થઈ અને બ્રાહ્મણે ત્યાંથી જવા માંડયું કે એકદમ માલીદાસ એના પગ પકડયા, અને પૂછ્યું, 'તમે આ શું કરતા હતા?' બ્રાહ્મણે કહ્યું, 'હું પૂજા કરતો હતો.'

માલીદાસ : પૂજા એટલે શું ?

બ્રાહ્મણ : ગાયત્રીજપ વગેરે કરીને ભગવાનને ભજવા તેનું નામ પૂજા.

માલીદાસ : ગાયત્રીજપ કેવી રીતે થાય ?

બ્રાહ્મણ : તારા જેવો અભણ છોકરો એ બધું ન સમજી શકે. મને જવા દે.

માલીદાસ : મને એટલું કહેતા જાઓ કે નાક બંધ કરીને (પ્રાણાયામ કરીને) તમે શું કરતા હતા ?

બ્રાહ્મણ : શ્વાસોચ્છ્વાસ બંધ થવાથી મન એકાગ્ર થાય છે. મન એકાગ્ર થવાથી ભગવાનનાં દર્શન થાય છે.

માલીદાસ : હવે તમારે જવું હોય તો જાઓ.

તે દિવસથી માલીદાસે પેલા બ્રાહ્મણને પોતાનો ગુરુ માન્યો.

તેણે નદીમાં સ્નાન કર્યું અને ગુરુએ બતાવ્યું હતું તે પ્રમાણે તે પૂજા કરવા બેઠો.

શું બોલવું એની તો એને ખબર ન હતી.

માત્ર નાક બંધ કરવાની ક્રિયા જાણતો હતો.

પોતાના ગુરુમાં એને ખૂબ શ્રદ્ધા હતી. એ ભોળી શ્રદ્ધાથી માનતો હતો કે નાક બંધ કરવાથી ભગવાનનાં દર્શન થશે. નાક બંધ કર્યાને એકાદ મિનિટ થઈ, પણ બાળકથી ભગવાન દેખાયા નહિ. બીજી મિનિટ પસાર થઈ.

હવે બાળકને ગૂંગળામણ થવા માંડી, પણ ભગવાનનાં દર્શન ન થાય ત્યાં સુધી નાક નહિ છોડવાનો બાળકનો નિશ્ચય હતો.

ભગવાન વિષ્ણુ આ બધું જોયા કરતા હતા. બાળકની ભોળી શ્રદ્ધાથી મુગ્ધ થયા હતા. એમને લાગ્યું કે જો એ દર્શન નહિ દે તો બાળક ગૂંગળાઈને મરી જશે. એટલે એમણે બાળકને દર્શન દીધાં.

વિષ્ણુ ભગવાન : હું ભગવાન છું. તેં તારું નાક બંધ કર્યું છે એટલે હું દર્શન આપવા આવ્યો છું.

માલીદાસ : પણ મારે કેવી રીતે જાણવું કે તમે ખરેખરા ભગવાન છો?

વિષ્ણુ : હું તને સાચું કહું છું. પણ તારે બીજી જે રીતે ખાતરી કરવી હોય તે રીતે કર.

માલીદાસ : હું મારા ગુરુને પૂછીને ખાતરી કરીશ.

વિષ્ણુ : ખુશીથી એમ કર.

માલીદાસ : પણ એટલામાં તમે નાસી જાઓ તો ?

વિષ્ણુ : હું અહીંથી તસુભર પણ નહિ ખસું.

માલીદાસ : એમ મારો જીવ નહિ રહે. હું તો તમને દોરડાથી ઝાડની સાથે બાંધીશ.

વિષ્ણુ : ઠીક એમ કર.

પછી માલીદાસે ગાયને બાંધેલું એક દોરડું છોડયું અને એનાથી તેણે ભગવાનને ઝાડે બાંધ્યા. ભગવાનનો ભકત પ્રત્યેનો પ્રેમ કેટલો હોય છે!

ભકતને હાથે બંધાવામાં પણ એમને આનંદ પડે છે !

છોકરો બ્રાહ્મણ પાસે પહોંચ્યો, અને ગુરુનો હાથ ખેંચીને માલીદાસે કહ્યું : ‘મારી સાથે ચાલો. નદીકિનારે ભગવાન આવ્યા છે. મારે તમને બતાવીને ખાતરી કરવી છે કે એ ભગવાન જ છે કે નહિ.’

બ્રાહ્મણને મનમાં આ બાળકના ભોળપણ પર હસવું આવ્યું.

પણ માલીદાસના ખૂબ આગ્રહને લીધે એને એની સાથે જવું પડયું.

તેઓ નદીકિનારે પહોંચ્યા એટલે ઝાડે બાંધેલા ભગવાનને બતાવીને બાળકે કહ્યું,'આ ભગવાન છે કે નહિ તે મને કહો. તમારા કહેવા પ્રમાણે મેં નાક બંધ કર્યું હતું, અને ભગવાને દર્શન આપ્યાં છે. આ એ જ ભગવાન કે બીજા કોઈ ?'

બ્રાહ્મણનું દિલ અભિમાનથી ભરેલું હતું, અને એનામાં બાળકની શ્રદ્ધા ન હતી; એટલે એનાથી ભગવાન દેખાયા નહિ.

પણ બાળકના ત્રાસથી બચવા માટે તેણેકહ્યું, 'હા એ જ ભગવાન છે.'

પછી બ્રાહ્મણ ત્યાંથી પાછો ફર્યો.

બાળકે ભગવાનને છોડયા, અને એમને ખૂબ ભાવપૂર્વક પ્રણામ કર્યા.

પછી વિષ્ણુએ કહ્યું,'તારી શ્રદ્ધાથી હું તારા પર પ્રસન્ન થયો છું. તારે જે વરદાન માગવું હોય તે માગ.'

બાળકે કહ્યું કે,'મને ખાવાપીવાનું પૂરતું મળે છે, મારે કોઈ જાતની ચિંતા નથી. મારે બીજું શું માંગવાનું હોય ?'

વિષ્ણુએ ખૂબ આગ્રહ કર્યો એટલે બાળકે કહ્યું :

'આ વખતે મેં નાક બંધ કર્યું પછી ખૂબ વખતે તમે આવ્યા, એવું હવેથી ન કરશો. હું નાક બંધ કં કે તરત  તમે આવજો.'

વિષ્ણુએ કહ્યું,'તારી ઈરછા પ્રમાણે થશે.' પછી વિષ્ણુ અંતર્ધાન થઈ ગયા.

હવે તો બાળકને રમત થઈ ગઈ. એ નાક બંધ કરે ને ભગવાન આવે પછી ભગવાન સાથે ખૂબ હરે, ફરે,રમે ને વાર્તાલાપ કરે.

આમ ઘણાં વર્ષો વીતી ગયાં.

એક દિવસ એવું બન્યું કે વિષ્ણુ બાળકના બોલાવ્યાથી આવ્યા હતા, અને એ જ વખતે પેલો બ્રાહ્મણ ત્યાંથી જતો હતો. બ્રાહ્મણને જોઈને માલીદાસ એને પગે પડયો અને કહ્યું,'ગુજી, તમે મને બહુ ઉત્તમ માર્ગ બતાવ્યો છે. હું નાક બંધ કં છું ને ભગવાન આવે છે. જુઓ આ રહ્યા ભગવાન.'

પણ બ્રાહ્મણનું મન બાળકના મન જેટલું શુદ્ધ ન હતું, એને એનામાં એટલી શ્રદ્ધા ન હતી,એટલે એને ભગવાન દેખાયા નહિ. તેણે બાળકની પાસે કબૂલ કર્યું કે એને ભગવાન દેખાતા નથી. આથી બાળકને બહુ આશ્ચર્ય  થયું.

તેણે ભગવાનને કહ્યું કે, 'મારા ગુને તમે કેમ દર્શન દેતા નથી?'

વિષ્ણુએ જવાબ આપ્યો, 'એનું મન શુદ્ધ નથી, એનામાં અહંકાર છે.'

આ શબ્દો સાંભળીને બ્રાહ્મણને બહુ દુઃખ થયું. એનો અહંકાર ઓગળી ગયો.

એ બાળકના ચરણમાં પડયો. બધી રીતે એ શુદ્ધ થયો ત્યારે વિષ્ણુએ એને દર્શન દીધાં. આમ અટલ શ્રદ્ધાથી બાળકને પોતાને ભગવાનનાં દર્શન થયાં, અને તેણે પોતાની ભકિતને પ્રભાવે બ્રાહ્મણને પણ દર્શન કરાવ્યાં.

**લેખક :- સતીશચન્દ્ર પ્ર.દેસાઈ**